# || ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ સર્વજ્ઞાય નમ: || (૯)

## સર્વજ્ઞ એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

પ્રત્યેક પ્રાણી માત્રના હૃદયમાં વાસ કરવાવાળા શ્રી સાઈને લોકોના મનમાં ચાલતી બધી વાતનું જ્ઞાન તો છે જ. તેમજ વિશ્વની બાહ્ય વસ્તુઓનું પણ તેમને જ્ઞાન છે.

ગીતાના સાતમા અધ્યાયના ૨૬ માં શ્લોકમાં ભગવાન કહે છે-

વેદાહ સમતીતાનિ વર્તમાનાનિ ચાર્જુન ।

ભવિશ્યાણિ ચ ભૂતાનિ માં તુ વેદ ન કચને ||

અર્થાત્ – " હે અર્જુન હું ભૂત, વર્તમાન અને ભવિષ્ય કાળના સર્વ પ્રાણીમાત્રને જાણું (ઓળખું છું પણ મને કોઈ જાણતું નથી."

ભગવાન શ્રી સત્ય સાઈબાબાને વિશ્વની પ્રત્યેક વ્યક્તિ તથા ઘટનાઓનું જ્ઞાન હોય છે. એવો અનુભવ ઘણા ભક્તોને અનેક વખત થયો છે. તે વિષયની આ બે કથા.

ઈ.સ. ૧૯૭૬ માં પ્રસિદ્ધ સરોદ વાદક ઉસ્તાદ અમજદ અલી ખાં એક કાર્યક્રમ નિમિત્તે બેંગલોર ગયા હતા. કાર્યક્રમ પૂરો થયા પછી તે એમના સ્નેહી (મિત્ર) શ્રી. રહિમ નિજામુદીન (જે પોલિસ કમિશનર હતા) ને મળવા માટે ગયા, ત્યારે તેમને ખબર પડી કે, રહિમ નિજામુદ્દીન પુટ્ટપર્તિ જઈ રહ્યા છે. તેમની સાથે અમજદ અલી ખાં પણ પ્રશાંતિનિલયમ ગયા.

તેમનું સદ્ભાગ્ય કે, સ્વામીએ તેમને મુલાકાત માટે બોલાવ્યા, તે અન્ય વ્યક્તિ સાથે મુલાકાત કક્ષમાં બેઠા હતા, ત્યારે સ્વામીએ એક ગરમ, જેમાંથી ઘી વહેતું હતું એવો લાડુ ઉદ્ભવ કર્યો અને અચાનક અમજદ અલી ખાં તરફ વળી ને બોલ્યા-શુદ્ધ ઘીનો છે. " આ સાંભળતા જ અમજદ અલી આશ્ચર્ય ચકિત થઇ ગયા. તેમને લાગ્યું કે, સ્વામીને કેવી રીતે ખબર પડી કે, મને શુદ્ધ ઘીમાં બનેલી મીઠાઈ ભાવે છે?

પણ એના કરતા અધિક આશ્ચર્ય તો આગળ જતાં થવાનું હતું. જ્યારે સ્વામીએ તેમને મુલાકાત કક્ષના અંદરના ભાગમાં બોલાવ્યા, ત્યારે અમજદ અલી ખાં એક અતિશય દુષ્કર એવી માનસિક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા. અંદરના કક્ષમાં ગયા પછી સ્વામીએ તેમને કહ્યું

કે-“ચિંતા કરીશ નહીં, એ જ આસામી છોકરી સાથે તું વિવાહબદ્ધ થા. એ જ તારા માટે યોગ્ય છે.” આ સાંભળતા જ અમજદ અલી ખાં ના મનમાં સ્વામી વિશે આશ્ચર્ય અને કૃતજ્ઞતાના ભાવ જાગૃત થયા. આશ્ચર્ય એના માટે કે, તે સમજતા હતા કે, આ વાતની કોઈને ખબર નથી. પરંતુ સ્વામી સર્વ જાણતા હતા. કૃતજ્ઞતા એના માટે કે, સ્વામીના આશીર્વાદ અને આજ્ઞા મળવાથી મનની સંભ્રમાવસ્થા દૂર થઈ ગઈ હતી.

બીજી વાત છે ૧૯૬૨ સાલની. શ્રી. માધવ દીક્ષિત એ મેંગલોરના રહેવાસી હતા, આ એ જ માધવ દીક્ષિત જે તેમના કાકા સાથે ૧૯૧૦ થી ૧૯૧૮ સુધી શિરડીમાં શ્રી સાઈનાથના કૃપાછત્ર નીચે રહ્યા હતા. તેઓ શ્રી હરિ સીતારામ દીક્ષિત જે તેમના કાકા હતા. તેમને કાકા ’ કહીને સંબોધતા હતા. એટલે અન્ય ભક્તો પણ તેમને ‘ કાકા ’ કહીને જ સંબોધવા લાગ્યા. શ્રી. સાઈબાબા પણ તેમને ‘ કાકા ’ કહીને જ બોલાવતા.

આ માધવ જ્યારે નાનો હતો, ત્યારે શ્રી. સાઈનાથ તેમને ઘણા લાડ લડાવતા. એક દિવસ સાઈનાથે રમી રહેલા માધવને પોતાની પાસે બોલાવી લીધો. માધવ પાસે આવ્યો ત્યારે તેમણે પોતાનો હાથ ધુણીમાં નાંખીને વિભૂતિ બહાર કાઢી અને તે વિભૂતિનો હાથ માધવના કપાળ ઉપર જોરથી માર્યો. એટલો જોરથી માર્યો કે માધવ રડવા લાગ્યો અને કાકા પાસે જઈને કહેવા લાગ્યો કે- હું હવે પછી ક્યારેય બાબા પાસે નહીં આવું. ” આ બધુ જોઈ રહેલા કાકા હસીને બોલ્યા“ બેટા, તને શું ખબર તું કેટલો ભાગ્યવાન છે! આવા થપ્પડની તો અમે કેટલી. આતુરતાપૂર્વક રાહ જોઈએ છીએ. ” કેમ થપ્પડ મારી હશે બાબાએ? માધવને અસહ્ય માથાનો દુઃખાવો હતો. જ્યારે બાબાએ જોરથી ફટકો માર્યો, તે ક્ષણથી માધવનો માથાનો દુઃ ખાવો ગયો તે કાયમનો.

૧૮૬૨ માં માધવ દીક્ષિતને સાઈએ પુનરાવતાર લીધો છે અને તે શ્રી સત્ય સાઈના નામે પુટ્ટપતિમાં નિવાસ (વાસ્તવ્ય) કરે છે, એમ સમજાયું પરંતુ તેમને સાઈ બાબા ’ માનવા માટે માધવ દીક્ષિત તૈયાર ન હતા. એટલે સત્ય પરિસ્થિતિ જાણવા માટે તે પુટ્ટપતિ ગયા. સ્વામીએ તેમને મુલાકાત માટે બોલાવ્યા-“મારા ‘ કાકા ’ નો ફોટો બહાર કાઢ. ખિસ્સામાં મૂક્યો છે ને?" એટલું જ નહીં સ્વામીએ તેમને પૂછ્યું-“મેં શિરડીમાં વિભૂતિનો હાથ તારા કપાળ ઉપર માર્યો હતો. ત્યાર પછી ક્યારેય માથાનો દુઃખાવો તો ઊપડયો નહીં ને?”

માધવ દીક્ષિતના મનમાં સ્વામી વિશે જે કાંઈ શંકા હતી, તે દૂર થઈ ગઈ. અને સ્વામીની સર્વજ્ઞતા વિશે ખાતરી થઈ.

|| ॐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||